આંગણવાડી કેન્દ્રોનું સંચાલન પરત લેવા
બાબત- કરૂણાસેતું ટ્રસ્ટ, વડનગર

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૯૮૪/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧-૦૩-૨૦૨૨

વંચાણે લીધા:

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણાનો તા.૨૩/૦૬/૨૦૨૦ નો પત્ર ક્ર: જા.નં.આઇ.સી.ડી./ મકમ/ વશી/ ૨૦૨૦/ ૫૨૨/ ૨૦.

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર નો તા.૧૪/૦૯/૨૦૨૦ નો પત્ર ક્ર: આઇસીડીએસ/ એનસીસી/ એનજીઓ-/ વશી/ કરૂણાસેતું ટ્રસ્ટ/ ઘટક ખેરાલુ, સતલાસણા, વડનગર/ ૨૦૨૦

ઠરાવ:

વંચાણે લીધેલ ક્ર: (૧) માં દર્શાવેલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણાના પત્રથી સ્વૈચ્છીક સંસ્થા કરૂણાસેતુ ટ્રસ્ટ, વડનગર, જિ.મહેસાણા સંચાલિત આઇ.સી.ડી.એસ.ના ખેરાલુ ઘટકની ૧૨૮ આંગણવાડીઓ, સતલાસણા ઘટકની ૯૮ આંગણવાડીઓ અને વડનગર ઘટકની ૧૭૦ આંગણવાડીઓ એમ કુલ ૩૯૬ આંગણવાડી કેંદ્રોનું સંચાલન પરત લેવા અને ઘટક કક્ષાએ સોંપવા દરખાસ્ત કરેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગરની વંચાણે લીધેલ ક્ર:(૨)ની સમાન દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે કરૂણાસેતુ ટ્રસ્ટ, વડનગર, જિ.મહેસાણા સંચાલિત આઇ.સી.ડી.એસ.ના ખેરાલુ ઘટકની ૧૨૮ આંગણવાડીઓ, સતલાસણા ઘટકની ૯૮ આંગણવાડીઓ અને વડનગર ઘટકની ૧૭૦ આંગણવાડીઓ એમ કુલ ૩૯૬ આંગણવાડી કેંદ્રોનું સંચાલન વર્ષ: ૨૦૨૨-૨૩ થી પરત લઇને જિલ્લા પંચાયત, મહેસાણા હસ્તક રાખવા આથી ઠરાવવામાં આવે છે.

આંગણવાડી કેન્દ્રોનું સંચાલન પરત લેતા પહેલા  કરૂણાસેતુ ટ્રસ્ટ, વડનગરના આઇ.સી.ડી.એસ.ના એકાઉન્ટનું ઓડીટ કરાવી કરૂણાસેતુ ટ્રસ્ટ, વડનગર પાસે બાકી રહેતી ગ્રાન્ટ સરકાર હસ્તક સરન્ડર કરાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧) માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૩) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા.
૫) વ્યવસ્થાપકશ્રી કરૂણાસેતુ ટ્રસ્ટ, વડનગર, તાલુકો - વડનગર, જિલ્લો - મહેસાણ.
૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
૭) સિલેક્ટ ફાઇલ